(૩) ૫૯

ક્રમાંક: પરચ/૧૨૨૦૧૮/vip-૬૬/વ.૨
શિક્ષણ વિભાગ
સચિવાલય,ગાંધીનગર
તા.૧/૧૧/૨૦૧૮

પ્રતિ,

(૧) કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી.,બ્લોક નં-૯, ડૉ.જીવરાજ મહેતા ભવન,સચિવાલય,ગાંધીનગર
(૨) કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, બ્લોક નં-૧૨, ડૉ.જીવરાજ મહેતા ભવન,સચિવાલય,ગાંધીનગર.
(૩) નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણની કચેરી, બ્લોક નં-૧૨, ડૉ.જીવરાજ મહેતા ભવન,સચિવાલય,ગાંધીનગર.
(૪) કમિશ્નરશ્રી, ટેકનિકલ શિક્ષણની કચેરી, બ્લોક નં ૨, કર્મયોગ ભવન, ગાંધીનગર.

વિષય:-શ્રી પ્રિયંક એમ સોઢાની રજુઆત બાબત

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે માન.મંત્રીશ્રી (શિક્ષણ ) ના કાર્યાલયના તા.૧/૯/૨૦૧૮ ના પત્ર ક્રમાંક:-શિમક/Reg/૨૦૧૮/૫૯૦૨ ની નકલ આ સાથે બિડાણ સહિત મોકલી આપતા જણાવવાનું કે,પ્રસ્તુત પત્ર માં જણાવેલ વિગતોની ચકાસણી કરીને નિયમોનુંસારની કાર્યવાહી કરવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ
(સહી) ૧-૧૧-૦૧૮
(આર.જે.દેસાઇ)
સેકશન અધિકારી
શિક્ષણ વિભાગ

બિડાણ:- ઉપર મુજબ.

JD (Academic)

શેરા ક્રમાંક: ડીટીઈ/એકેડેમીક/શિ.વિ. સં./૨૦૧૮–૧૯/17859
ટેકનીકલ શિક્ષણ નિયામકશ્રીની કચેરી, કર્મયોગી ભવન,
બ્લોક નં.૨ છઠ્ઠો માળ, સેકટર–૧૦/એ, ગાંધીનગર
તા.૩૦/૧૧/૧૮ 01 DEC 2018

નકલ રવાના:–

૧. રજીસ્ટ્રારશ્રી, ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી, અમદાવાદ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ (ઈ– મેઈલ દ્વારા)
૨. સરકારી તેમજ અનુદાનીત ઈજનેરી/ફાર્મસી કોલેજો/પોલીટેકનીકોના આચાર્યશ્રી તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ. (ઈ– મેઈલ દ્વારા)

(સહી)
નાયબ ટેકનીકલ શિક્ષણ નિયામક

અંગત મદદનીશ

A-5

૫૨૩૩૬૩

ક્રમાંક : શિ.વૈ.સં.કા.ન્યા/ /૨૦૧
મંત્રીશ્રી,
શિક્ષણ (પ્રાથમિક, માધ્યમિક, પ્રૌઢ),
ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ, કાયદો અને ન્યાયતંત્ર,
વૈધાનિક અને સંસદીય બાબતો, મીઠા ઉદ્યોગ,
ગૌ-સંવર્ધન અને નાગરિક ઉડ્ડયનનું કાર્યાલય,
ગુજરાત સરકાર, સ્વર્ણિમ સંકુલ-૧, બીજો માળ,
સચિવાલય, ગાંધીનગર-૩૮૨ ૦૧૦.

તારીખ :

ક્રમાંકઃ શિમક/Reg/2018/5902 તા. 01/09/2018

શ્રીમાન,

ભારત દેશના વિદ્યાર્થી સુરક્ષિત રહે સલામત અને શૈક્ષણિક લાયકાતમાં આગળ વધે તે માટે આપના સૂચનો બાબત અંગેની શ્રી પ્રિયંક એમ. સોઢાની રજૂઆત આ સાથે સામેલ છે.

ઉક્ત રજૂઆત ચકાસીને નિયમાનુસારની કાર્યવાહી કરવા માન. મંત્રીશ્રીની આજ્ઞાનુસાર વિનંતી છે.

બિડાણ : - ઉપર મુજબ.

(ડી.કે.ગલાણી)

પ્રતિ,

1. સચિવશ્રી (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ), શિક્ષણ વિભાગ, બ્લોક નં.૫/૭, સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર

નકલ રવાના : -

શ્રી પ્રિયંક એમ. સોઢા

૧૯,વનમાળીનગર,જી.આઇ.ડી.સી.પાસે,મંજીપુરા રોડ,નડીયાદ

VIP-GG/૮૮૨
૨૭/૦૯/૨૦૧૮

DPE, (J), SSA
GCERT

કાર્યાલય ફોન : ૦૭૯-૨૩૨૫૦૧૧૬ થી ૨૩૨૫૦૧૧૯, ૨૩૨૩૮૦૭૬, ૨૩૨૪૩૩૮૯, ફેક્સ : ૨૩૨૫૦૧૨૦
E-mail : ps2min-edu@gujarat.gov.in

પ્રિયંક એમ સોઢા
૧૯, વનમાળી નગર જી.આઇ.ડી.સી પાસે
મંજીપુરા રોડ
નડીઆદ
મો નં-(૯૬૬૨૨૭૨૪૨૪)

ભુપેન્દ્રસિંહ ચુડાસમા સાહેબ શ્રી,
(શિક્ષણ મંત્રી ગુજરાત)

મે સાહેબ શ્રી

જય ભારત સહ જણાવવાનુ કે આપણા ભારત દેશ ના વિદ્યાર્થી સુરક્ષિત રહે સલામત અને શૈક્ષણીક લાયકાત માં આગળ વધે અને આપણા ભારત દેશ શૈક્ષણીક ક્ષેત્રે આગળ વધે ભારત દેશ ની સંસ્કુતી જળવાઇ રહે તે હેઠળ આપની સમક્ષ વિચાર વ્યકત કરુ છુ મારા વિચાર વિદ્યાર્થી ને ધ્યાને લઈને છે તો આપ સાહેબ શ્રી વિદ્યાર્થીઓના કલ્યાણ હેઠળ તથા <u>સરકારી યોજનામાં ફેરવાય</u> એ કોશીશ મારો આ વિચાર ધ્યાને લેશોજી આપ સાહેબશ્રી ને વિનંતી સહ ..

હાલ માં જે સ્કુલ કોલેજ નુ તંત્ર ચાલી રહ્યુ છે.

મુદ્દા નં ૧ વિદ્યાર્થી ના અપહરણ/હત્યા થાય છે.

મુદ્દા નં ૨ વિદ્યાર્થી બાળકી ઓ સાથે દુષક્રમ થાય છે.

મુદ્દા નં ૩ વિદ્યાર્થી વ્યશનના માર્ગ પર ચાલી રહ્યો છે.

મુદ્દા નં ૪ વિદ્યાર્થી ઓ નાનપણ માજ અફેર ,પ્રેમ લગ્ન , અને તેના કારણે અંદરો અંદર સમાજ ના વિખ્વાદો લડાઇ ઝગડા તથા સમાજ ના ભાગલા તેથી કોર્ટ કચેરી કેશ પોલીશ સ્ટેશન,વિગેરે ..

આપણા ભારત દેશ ના સ્કુલ કોલેજ ના વિદ્યાર્થીઓ મોબાઇલ યંત્ર તથા ટીવી માં સેક્સ ફિલ્મ ના કારણે બહુ ગેર માર્ગે ચાલ્યા જાય છે અવનવા જ્યા ત્યા દુષક્રમ થાય છે.

- **<u>વિચાર</u>** :- આપણા ગુજરાત રાજ્યમાં સ્કુલ કોલેજોમાં બાયોમેટ્રીક થી એટેન્ડસ લેવામાં આવે અને વિદ્યાર્થીઓ નો ઈન આઉટના સમયની નોંધ લેવામાં આવે જે ડેટા દર માસે સ્કુલ કોલેજ ધ્વારા વિદ્યાર્થીઓના વાલી ને એટેન્ડસ, ઈન – આઉટ ટાઈમ સાથે ડે ટુ ડે અટેન્ડસ લિસ્ટ પોસ્ટ આથવા મેઈલ ધ્વારા વાલી સુધી પોહચાડવામાં આવે ૮ થી ૧૨ધોરણ તથા કોલેજ માં અથવા મોબાઇલ શાળા કોલેજો ની કોઇ એપલીકેશન બનાવવામાં આવે સરકારી યોજનામાં ફેરવી ડીઝીટલ સેવા તરીકે વિદ્યાર્થી ઓ માટે આ રીતે શિક્ષણ ક્ષેત્રે ડીજીટલ સેવા લાવી નવી ક્રાંતી નો યુગ શરૂ થાય ડીઝીટલ ઈન્ડીયા માં વધારો થાય અને વિદ્યાર્થી ના માતા પિતા ને જાણ રહે કે તેમનુ બાળક ક્યા જાય છે. અને શુ કરે છે તેમને ડર પણ ન રહે અને હર વિદ્યાર્થી સુરક્ષિત રહે સલામત અને શૈક્ષણીક લાયકાતમાં આગળ વધે અને આપણા ભારત દેશમાં શૈક્ષણીક ક્ષેત્રે આગળ વધે તથા આપણા ભારત દેશ ની માન,મર્યાદા ,સંસ્કુતિ જળવાઇ રહે આવનારી પેઢી સુધરે. જય હિન્દ વન્દે માતરમ...